પરિપત્ર નં. 77

ક્રમાંક:યજન/આઝાદી અમૃત મહોત્સવ/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી, તા.૨૦/૦૫/૨૦૨૨

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અનેઉચ્ચ.માધ્ય.શાળા તમામ
જિ.અમરેલી

વિષય : આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ઐતિહાસિક નગર એવા વડનગરના સાંસ્કૃતિક વારસા અન્વયે લોકજાગૃતિ કેળવવા બાબત.

સંદર્ભ : શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૧-૯૬૦-સ, તા.૧૮/૧૧/૨૦૨૧

ઉપરોક્ત વિષય અંગેના શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પરિપત્ર અન્વયે જણાવવાનું કે, વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક એવી ભારતીય સંસ્કૃતિનો સમૃદ્ધ વારસો પ્રાચીન સ્મારકો અને ઇતિહાસ સ્વરૂપે સચવાયેલો છે. ગુજરાતમાં પણ તેનો ભવ્ય ઇતિહાસ અને ઐતિહાસિક પ્રાચીન સ્મારકો જળવાયેલા છે. જે પૈકી કેટલાક સ્મારકોનો યુનેસ્કો સંસ્થા દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઇટમાં પણ સમાવેશ કરવામાં આવેલો છે. આપણા આવા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના ઐતિહાસિક સ્મારકોનું જતન અને જાળવણી થાય તે આવશ્યક છે. જે માટે ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓ સ્મારકોના ઇતિહાસથી અને તેના ઐતિહાસિક મહત્વથી જાણકાર હોય તે આવશ્યક છે. જેથી આવા સ્મારકોની જાળવણી અને જતન પ્રત્યે જાગૃતિની ભાવના વિદ્યાર્થીઓમાં વિકસે અને તે આવનાર પેઢીઓમાં પણ કેળવાય તે ઇચ્છનીય છે.

ગુજરાતમાં આવેલું વડનગર એક ઐતિહાસિક નગરી છે. જે મહેસાણા જિલ્લામા આવેલું તાલુકા સ્થળ છે. વડનગર એટલે પ્રાચીન ગુજરાતની રાજધાની અને આપણું સાંસ્કૃતિક પુરાતન વારસો ધરાવતું આશરે ૨૫૦૦ વર્ષ જૂનું નગર. સામાન્ય રીતે એવું કહી શકાય કે, વડનગરની સ્થાપના ઇ.સ. બીજા સૈકાના પૂર્વાર્ધમા થઈ હશે. વડનગરના વિવિધ નામો જેવા કે આનંદનગર, ચમત્કાર પુર વગેરે હતા. વડનગરમાં હાટકેશ્વર મંદિર, કીર્તિતોરણ, અંબાજી કોઠા તળાવ, શર્મિષ્ઠા તળાવ – થીમ પાર્ક, આર્કિઓલોજિકલ મ્યુઝિયમ, વોચ ટાવર, પ્રેરણા સ્કૂલ, તાના - રીરી પાર્ક, મ્યૂઝિક કોલેજ (તાના - રીરી પાર્ક સામે), તોરણ હોટેલ, મ્યુઝિયમ મ્યૂઝિક, રમતગમત સંકુલ, વડનગરનો કિલ્લો જેવા વિવિધ જોવાલાયક સ્થળો આવેલા છે.

ઉપરોક્ત વિગતે, ગુજરાતના વિદ્યાર્થીઓ આવા ઐતિહાસિક નગર એવા વડનગરના ભવ્ય અને સમૃદ્ધ

-/-

સાંસ્કૃતિક વારસાની પ્રત્યક્ષ મુલાકાત લઈ તેનાથી પરિચિત થાય અને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા પ્રત્યે ગર્વની લાગણી અનુભવે તે હેતુસર આપના તાબા હેઠળની તમામ સરકારી, અનુદાનિત અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે ઐતિહાસિક નગરી વડનગરના શૈક્ષણિક પ્રવાસનું આયોજન થાય તે અન્વયે આપના તાબા હેઠળની શાળાઓને પ્રેરિત કરવા આથી જણાવવામાં આવે છે.

K.N. Jha

મદદનીશ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

બિડાણઃ સંદર્ભદર્શિત પરિપત્ર

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ઐતિહાસિક નગર એવા વડનગરના સાંસ્કૃતિક વારસા અન્વયે લોકજાગૃતિ કેળવવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૧-૯૬૦-સ
તા.૧૮/૧૧/૨૦૨૧

પરિપત્ર:-

ભારતીય સંસ્કૃતિ વિશ્વમાં આવેલી સૌથી પ્રાચીન સંસ્કૃતિઓમાની એક છે અને આ સંસ્કૃતિનો સમૃદ્ધ વારસો પ્રાચીન સ્મારકો અને ઈતિહાસ સ્વરૂપે સચવાયેલો છે.ગુજરાતમાં પણ તેનો ભવ્ય ઇતિહાસ અને પ્રાચીન સ્મારકો સચવાયેલા છે, જે પૈકીના કેટલાક સ્મારકોનો યુનેસ્કો સંસ્થા દ્વારા World Heritage Sites માં પણ સમાવેશ કરવામાં આવેલ છે.

આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના આવા સ્મારકોનું જતન અને જાળવણી થાય તે ખુબ જ જરૂરી છે, જે માટે ખાસ કરીને વિધ્યાર્થીઓને સ્મારકોના ઇતિહાસની અને તેના મહત્વ વિશે જાણકારી હોય તે આવશ્યક છે, જેથી આવા સ્મારકોની જાળવણી અને જતન પ્રત્યે જાગૃતિની ભાવના વિધાર્થીઓમાં વિકસે અને તે આવનાર પેઢીઓમાં કેળવાય.

ગુજરાતમાં ખાસ કરીને વડનગર ખાતે આવા ઐતિહાસિક સ્મારકો જેવા કે કીર્તિ તોરણ, તાનારીરી સ્મારક, હાટકેશ્વર મંદિર, શર્મિષ્ઠા તળાવ આવેલા છે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આ સ્મારકોનું જતન તથા જાળવણી થાય તથા તે પ્રત્યે જાગૃતિ કેળવાય તથા વડનગરના ભવ્ય ઐતિહાસિક તથા સાંસ્કૃતિક વારસાના બહોળા પ્રચાર અને પ્રસાર કરવાના હેતુથી રાજ્યમાં નીચે મુજબના પગલાંઓ/જાગૃતિ કાર્યક્રમો/પ્રવૃત્તિઓ પ્રવાસન વિભાગ, યુવા અને સંસ્કૃતિ વિભાગ સાથે સંકલનના જનભાગીદારીથી પ્રયોજી શકાય.

1) રાજયની સરકારી, અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા કોલેજોમાં ઐતિહાસિક નગર વડનગર ખાતે આવેલ સ્મારકોના સાંસ્કૃતિક વારસા અંગે તથા વડનગરની પ્રાચીન નગરરચનાની વિશેષતાઓ અંગે વકૃત્વ સ્પર્ધા/ નિબંધ સ્પર્ધા/ નાટક જેવા કાર્યક્રમો હાથ ધરવા.
2) પ્રસ્થાપિત સાંસ્કૃતિક વારસાને ધ્યાને લઇ સાંસ્કૃતિક નૃત્ય, કળા સાથેના કાર્યક્રમો યોજવા
3) આ વારસાને લગતી વિગતો/વાર્તાઓ/કવિતાઓ એકત્રિત કરી સાહિત્ય છપાવવું જેમાં સ્મારકોના ફોટા સમાવવા.
4) હેરીટેજ વારસાને અનુલક્ષીને કાર્યક્રમોનું કાયમી ધોરણે આયોજન કરી દર વર્ષે સ્પર્ધાઓ / વિધાર્થીઓની ભાગીદારી સાથેના કાર્યક્રમો યોજવા.
5) રસ ધરાવતા સ્થાનિક વિધાર્થીઓને ગાઇડ તરીક સ્વયંસેવા આપવા તેઓને તાલીમ આપવાનું આયોજન કરવું.
6) ઐતિહાસીક નગર વડનગર ખાતે આવેલ સ્મારકોના સાંસ્કૃતિક વારસાની પ્રત્યક્ષ મુલાકાત માટે વિધાર્થીઓના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવું.
7) વિધાર્થીઓ દ્વારા સ્મારકોની મુલાકાત લઇ તેની સ્વચ્છતા તથા જાળવણી માટે પ્રવાસીઓમાં જાગૃતિ કેળવાય તથા સ્મારક સ્થળે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ ન થાય તથા અન્ય પ્રકારના પ્લાસ્ટીકનો ઉપયોગ મર્યાદિત થાય તથા તેનો નિકાલ યોગ્ય રીતે થાય તે માટેના અને ઘન કચરાનો નિકાલ યોગ્ય રીત થાય તે માટે "Clean India" ઝુંબેશ અન્વયે સમયાંતરે પગલાં પ્રયોજવા.